માલપુર-સોમપુર ચોકડી નજીક

જીપની ટક્કરે બાઈક ચાલકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત

(તસ્વીર :ઇકબાલ ચિસ્તી - મોડાસા)

મોડાસા,
મોડાસા-માલપુર ફોરલેન રાજયધોરી માર્ગ હોવાથી વાહનચાલકો બેફામ વાહન હંકારતા હોવાથી છાસવારે અકસ્માતની ઘટનાઓ બનતા નિર્દોષ લોકોએ જીવ ગુમાવવાનો વારો આવે છે માલપુર નજીક આવેલી સોમપુર ચોકડી નજીક ધનસુરા તરફથી માલપુર તરફ જતા બાઈક ચાલકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક ચાલક રોડ સાઈડ પટકાતા સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજયું હતું અકસ્માત સર્જી જીપ ચાલક જીપ ઘટનસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા અકસ્માતની ઘટનાની જાણ માલપુર પોલીસ ને થતા ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મૃતક યુવાન માલપુર ગામમાં કિરાણા સ્ટોર ધરાવતા હોવાથી વેપારી આલમ અને માલપુર પંથકમાં શોકની લાગણી ફેલાયી હતી. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર માલપુર ગામ માં ભવનાથ મંદિર નજીક કિરાણાની દુકાન ધરાવતા વેપારીનું બાઈક અને જીપ વચ્ચે અકસ્માતમાં મોત નિપજતા હાહાકાર મચ્યો હતો બુધવારે બપોરના સુમારે માલપુરના પ્રજ્ઞેશભાઈ પ્રવિણચંદ્ર પંડ્યા કામકાજ અર્થે ધનસુરા પંથકમાં બાઈક લઈ ગયા બાદ કામકાજ નિપટાવી બાઈક લઈ પરત માલપુર ફરતા સોમપુર ચોકડી નજીક માલપુર તરફ વળાંકમાં મોડાસા તરફથી પુરઝડપે ગફલતભરી રીતે હંકારી પસાર થતી બિયારણ અને ખેતીને લગતી સામગ્રી ભરેલ ટાટા સ્પેશીયો જીપના ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક ચાલક પ્રજ્ઞેશભાઈ પંડ્યા રોડ બાજુ પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે પ્રાણ પંખેરું ઉડી ગયું હતું અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી હતી પરંતુ બાઈક ચાલકનું મોત નિપજતા પરત ફરી હતી અકસ્માત સર્જી જીપ ચાલક જીપ ઘટનસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો અકસ્માતની જાણ મૃતકના પરિવારજનો અને માલપુર માં થતા મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા મૃતકના પરિવારજનોએ આક્રંદ કરી મૂકતાં વાતાવરણમાં ગમગીની છવાઈ હતી અકસ્માતના પગલે દોડી આવેલી માલપુર પોલીસ મૃતકની લાશને પીએમ માટે ખસેડી અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિકજામ ને પુર્વરત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.★

સંજેલી નગરમાં બંધ સ્ટ્રીટ લાઈટોના કારણે હાલાકી

લાખોની ગ્રાંટ ફાળવાઈ છતાં સુવિધાનો અભાવ

સંજેલી,
સંજેલીમાં છેલ્લા કેટલાય દિવસોથી બજાર મુખ્ય વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે લોકો દ્વારા વારંવાર પંચાયત તંત્રને રજુઆત કરવા છતા પણ સ્ટ્રીટ લાઈટો શરૂ કરવામાં આવતી નથી થોડા સમય પહેલા જ ૧૪માં નાણા પંચમાંથી સ્ટ્રીટ લાઈટો માટે લગભગ ૫ લાખ જેટલી રકમ ફાળવવામાં આવી હતી છતા પણ નગરમાં અંધારુ છવાતા લોકોને અંધારામાં રહેવુ પડે છે. કેટલાય વિસ્તારોમાં એલઈડીને બદલે ટયુબલાઈટો અને સાદા ગોળા જોવા મળી રહયા છે તંત્રની આવી કામગીરી સામે અનેક પ્રશ્નો ઉઠયા છે.
સંજેલીનગરમાં થોડા સમય પહેલા અમુક વિસ્તારોમાં સાદી સ્ટીટ લાઈટોની જગ્યાએ એલઈડી લાઈટો નાંખવામાં આવી છે. જોકે મહત્તમ વિસ્તારોમાં એલઈડી લાઈટોને લઈ ફરીયાદો ઉઠી છે નવી લાઈટો નાખ્યાના ગણતરીના દિવસોમાં જ ઠેર ઠેર બંધ થતા મેઈન્ટેનન્સની કામગીરી ચાલી રહી છે. જોકે મરામત બાદ પણ બગડી જતી અને બંધ થઈ જતી હોવાનુ કે સતત ઝબુકા મારતી હોવાનુ લોક ફરીયાદ ઉઠવા પામી છે. ત્યારે કેટલાય પંચાયત વોર્ડના સભ્યો પોતાના વિસ્તારમાં સારી કામગીરી દેખાડવા એક થાભલા પર બે ત્રણ લાઈટો નાખી દેવામાં આવી છે. ત્યારે કેટલાય વિસ્તારમાં એલઈડીને બદલે સાદા ગોળા અને ટયુબ લાઈટો જોવા મળી રહી છે ત્યારે મુખ્ય બજાર અને તળાવ રોડ ચામડીયા ફળીયુ ઝાલોદ રોડ બાયપાસ રોડ સહિત કેટલાય વિસ્તારોમાં છેલ્લા કેટલાય દિવસથી અંધકારમય છે. ચાલુ વર્ષ દરમ્યાન રોડ રસ્તા લાઈટો પાછળ લાખો રૂપિયાનો ખર્ચો કરવામાં આવ્યો છે છતા પણ સુવિધાને બદલે દુવિધા મળી રહી છે. સામાન લાઈટો તેમજ વાયરોનો જથ્થો લાવવામાં આવ્યો તેની તપાસ જરૂરી બની છે. આ બાબતે જીલ્લા કક્ષાના અધિકારી ગંભીરતાથી લઈને તપાસ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.★

સાબરકાંઠા જિલ્લાના ઈડરના બાલા હનુમાન મંદિરમાં

સંકટમોચન ખુદ સંકટમાં : મંદિર જર્જરિત બનતાં દુર્ઘટનાની દહેશત

(તસ્વીરઃ- બકોરદાસ પટેલ, મોડાસા)

મોડાસા,
આપણા હિન્દુ ધર્મમા શ્રીરામ ભક્ત હનુમાનજીના અનેક નામો પૈકી એક નામ સંકટમોચન હનુમાનજી પણ છે. દેશભરમાં વિવિધ દેવી - દેવતાઓ ના અસંખ્ય મંદિરો આવેલા છે અને મોટાભાગના તમામ મંદિરો માં ગણેશજી અને શ્રી રામ ભક્ત હનુમાનજી ની મૂર્તિ - પ્રતિમા ચૌકકસ પણે. જોવા મળે છે આપણા હિન્દુ ધર્મમાં શ્રી રામ ભક્ત હનુમાનજી નુ ભકતજનો ના હદયમાં આગવું વિશિષ્ટ મહત્વ સાથે સ્થાન ધરાવે છે અને આ ભક્તો જયારે કોઈ વિકટ સંજોગો વચ્ચે હોય ત્યારે સંકટ મોચનના નામના જાપ કરે છે. સૌથી વધુ ભક્તો હનુમાનજીના છે. જો કે સાબરકાંઠા જિલ્લાના ઈડરમા ખુદ પ્રભુ જ સંકટમા છે.
ઈડરના બાલા હનુમાન મંદિર છેલ્લા કેટલાક સમયથી જર્જ?રિત બની જતાં ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. ઈડર સ્ટેટ વખતના મંદિરના પાયા નબળા થઈ ગયા છે તેમજ મંદિરના આસ પાસની દિવાલ તેમજ મંદિરની છત જર્જ?રિત બની ગઈ છે. આ ઉપરાંત સભાખંડની છત પણ નબળી પડી ગઈ છે. ઈડરના મહારાજા ધ્વારા સ્ટેટ સમયે બંધાવેલ આ બાલા હનુમાનજીનુ મંદિર અનેક લોકોનુ આસ્થાનું કેન્દ્ર છે. પરંતુ છેલ્લાં કેટલાંક સમયથી મંદિરની તપાસ કરતાં જાણવા મળે છે કે મંદિરમાં સ્થિત હનુમાનજીની મૂર્તિ તેમજ સભાખંડની છત જર્જરિત હાલતમાં જોવા મળી રહી છે. જયારે સભાખંડની છતના પ્લાસ્ટર પણ ઊખડી ગયા છે. આ જર્જરિત છત ગમે ત્યારે હનુમાનજી તેમજ તેમના ભક્તો ઉપર પડી શકે તેમ છે.? અત્યારે આર્થિક રીતે સધ્ધર એવા હનુમાન ભક્ત આ મંદિરના છતને ટેકો આપી શકે તેમ છે. આસ્થા સમાન આ મંદિરની કાળજી લેવાય તે જરુરી છે. ઉલ્લેખનીય છે કે ઈડર ગઢની મુલાકાતે આવતા બહારના પ્રવાસીઓ ગઢ પર ચઢતાં પહેલા જ ખંડિત મંદિર જોતા શહેરની નેગેટીવ છાપ ઉભી થાય છે.★

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખા મોડાસા દ્વારા હેલ્થ કેર એટેન્ડેટ કોર્ષ શરૂ

(તસ્વીરઃ-જીત ત્રિવેદી, ભિલોડા)

ભિલોડા,
ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખા મોડાસા દ્વારા હસમુખભાઈ મોડીયા, ભિલોડા તેમજ નીલાબેન મોડીયાના અધ્યક્ષ સ્થાને હેલ્થ કેર એટેન્ડેટ કોર્ષનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે અમદાવાદ રેડ ક્રોસના હેલ્થ કેરના ડાયરેક્ટર મનિષાબેન હાજર રહ્યા હતા. ચેરમેન ભરતભાઈ પરમારે મહેમાનોનો પરિચય આપેલ ત્યારબાદ દીપ પ્રગટ કરી કાર્યક્રમની શરુઆત કરવામાં આવેલ. રેડ ક્રોસની પ્રવૃત્તિ વિશે અરવિંદભાઈ શ્રીમાળીએ માહિતી આપેલ હતી.
આ પ્રસંગે હેલ્થ કેર એટેન્ડેટ કોર્ષના ૨૫ વિદ્યાર્થી ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. હસમુખભાઈ મોડીયા અધ્યક્ષ સ્થાનેથી બોલના રેડ ક્રોસની પ્રવૃત્તિને બિરદાવી હતી. રેડ ક્રોસના મુકેશભાઈ પટેલ, વિઠલભાઈ પટેલ, વિજયભાઈ પેસવાણી, જીતેન્દ્રભાઈ અમીન, કાળાભાઈ વણકર, હાર્દિકભાઈ શ્રીમાળી, દક્ષાબેન, પાયલબેન, ભાવેશભાઈ તથા રીયાજભાઈ હાજર રહ્યા હતા★

પ્રાંતિજના અષ્ટ વિનાયક સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યાં

(તસ્વીરઃ-મનુભાઇ નાયી, પ્રાંતિજ)

પ્રાંતિજ,
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ શિવમ્ સોસાયટી પાછળ નવનિર્માણ થઈ રહેલ અષ્ટ વિનાયક સોસાયટીમાં રાત્રીના સમયે ત્રસ્કરોએ સોસાયટી માં પ્રવેશ કરી બે મકાનમાં એક લાખ પાંચ હજાર રોકડા બે મોબાઈલ એક લેપટોપ સહિત ની મત્તા ની ચોરી કરી પ્રલાય થતાં પોલિસ ફરીયાદ થઈ.
પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ અષ્ટ વિનાયક સોસાયટી માં રાત્રી ના સમયે અજાણ્યા તસ્કરો દ્વારા સોસાયટીમાં પ્રવેશ કરી સોસાયટી માં તૈયાર થયેલ શેમ્પલ હાઉસ માં રહેતાં કામદારો તથા મકાનમાંજ કોન્ટ્રાક્ટર દ્વારા ઓફિસ બનાવેલ એમ બે મકાનોમાં રાત્રી ના સમયે મકાનની ઉપર ની સાઈડ થી મકાનમાં પ્રવેશ કરી મકાનમાં રહેલ કામદારો ના થેલાઓ અસ્તવ્યસ્ત કરી જુદા-જુદા થેલાઓમા મુકેલ ૭૦ હજાર તથા ૩૫ હજાર કુલ-એક લાખ પાંચ તથા બે મોબાઈલ તથા ઓફિસ નું લેપટોપ તથા બહાર પાર્કિંગ માં રહેલ બે બાઈક ના પેટ્રોલ કાઢી સહિત ની ચોરી કરી ને અજાણ્યા તસ્કરો પ્રલાય થતાં પોલિસ ને જાણ કરવામાં આવી હતી તો પોલિસ દ્વારા તાત્કાલિક ધટના સ્થળે આવી આગળ ની તપાસ હાથધરી હતી તો બપોર બાદ પણ આ અંગેની ફરીયાદ પોલિસ ચોપડે લખાઈ ના હોવાનું જાણવાં મળ્યું. ★

તલોદ મામલતદાર કચેરી ખાતે આવકના દાખલા કઢાવવા અરજદારોની ભીડ

(તસ્વીરઃ- હાર્દિક ઘાંટે, હરસોલ)

હરસોલ,
તલોદ તાલુકાની મામલતદાર કચેરી ખાતે આજે આવકના દાખલા કઢાવવા અરજદારોની ભારે ભીડ સવારથી જ જોવા મળી હતી અરજદારોને એક આવકનો દાખલો કાઢવા બે થી ત્રણ ધક્કા મામલતદાર કચેરીના તથા ગ્રામ પંચાયતના બે ધક્કા ખાવા પડતા હોય છે બધા જ કાગળીયા હોવા છતાં કચેરીના કર્મચારી ફોર્મમાં ભુલ છે તેમ કહીને અરજદારોને પરેશાન કરતા પણ હોય છે. એક આવકનો દાખલો કાઢવા ખેતી કરતા તથા હાથ મજુરી કરતા માણસોનો બે થી પાંચ દિવસ આ કચેરીઓના ધક્કા ખાવામાં જ વેડફાઈ જતા હોય છે તેમાં પણ કર્મચારીઓની કામ કરવાની ઉદાસીનતા પણ નજરે ચડે છે આ સાથે જ અરજદારોની ભારે ભીડ જોવા મળતી હોય છે સરકાર ભલે વિકાસની વાતો કરતી હોય પણ આમ નાગરીકોને પરેશાની ભોગવવી જ પડતી હોય છે.★

મીંઢોળા નદીમાં ફેંકી દેવાયેલા માસુમ બાળકની શોધખોળ

સુરત,
પલસાણા ગામ પાસે આવેલા વણેસા ગામમાં રહેતાં એક ખેડૂત પુત્રનું અપહરણ કરી બારડોલી પાસે આવેલી મીંઢોળા નદીમાં નાંખી ફરાર થઈ જવાના એક કિસ્સામાં પોલીસ અને ફાયર બ્રિગેડ દ્વારા ત્રીજા દિવસે પણ શોધખોળ યથાવત રાખવામાં આવી હતી. જોકે તંત્રએ એફએસએલને સાથે રાખી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ચીજવસ્તુઓ ભરેલુ એક પોટલુ ફરિયાદી પિતાના કહેવા પ્રમાણે મીંઢોળા નદીમાં નાંખી પોટલુ જેમ-જેમ જતું હોય તેમ આ બાળક પણ જતુ હોવાની શક્યતાને ધ્યાનમાં રાખી ફાયર બ્રિગેડે શોધખોળ શરૂ કરી હતી. ફાયર બ્રિગેડના તરવૈયાઓ આ નકલી પોટલાને રીક્વર કરી પરત સુપરત કરી દીધું હતું. પરંતુ બાળક બપોર સુધીમાં પણ શોધખોળના અંતે મળી આવ્યું ન હોવાનું તંત્રના અધિકારીઓએ જણાવ્યું હતું. સૂતોના જણાવ્યા અનુસાર પલસાણા તાલુકાના વણેસા ગામના લુહાર ફળીયામાં નિશિત રાજેશભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. સોમવારે સવારે નવ કલાકે નિશિત પોતાની આઈ ૨૦ કારમાં અઢી વર્ષના માસુમ બાળકને લઈને બાળ મંદિરમાં મુકવા જતા હતા. તે દરમ્યાન ઓટો રિક્ષામાં બેઠેલા પાંચથી સાત ઈસમોએ કારને રોકીને તિક્ષ્ણ હથિયારો બતાવી બાળકનું અપહરણ કરી મીંઢોળા નદીમાં નાંખી દીધું હતું. છેલ્લા બે દિવસથી પોલીસ અને ફાયર બ્રિગેડનું તંત્ર બાળકની શોધખોળ આદરી છે. પરંતુ તેઓને કોઈ સફળતા ન મળતા એફએસએલના અધિકારીઓની મદદ લઈને પણ પોલીસ અને ફાયર બ્રિગેડે ત્રીજા દિવસે બાળકની શોધખોળ યથાવત રાખી હતી. બારડોલી માણેકપોરથી કેટલાક તરવૈયાઓ નદીના બંને કાંઠા અને વચ્ચે શોધખોળ શરૂ કરી હતી.

સંજીવની દૂધ વહેલુ આવે છે અને બિનઅધિકૃત જગ્યાએ ઉતારવામાં આવે છે

મોડાસા,
મેઘરજ તાલુકાની પ્રાથમિક અને આંગણવાડી કેન્દ્રોમાં સંજીવની દૂધ ટેમ્પાવાળાની સગવડતા માટે સવારે ૬.૩૦ વાગે ગામડે આવી જાય છે અને શાળા કે આંગણવાડી કેન્દ્રમાં દૂધનું કેરેટ ઉતારી દેવામાં આવે છે જેથી દૂધના પાઉચ ઘટી જવાની શકયતા છે. શાળામાં બાળકો ૨૦ ટકા ઓછા અને આંગણવાડીમાં તો માત્ર ૨૫ થી ૩૦ ટકા જ બાળકો હોય છે જેથી સંજીવની દૂધનો વપરાશ થતો નથી પરંતુ અયોગ્ય જગ્યાએ ઉતારવા યોગ્ય નથી વળી આ પાઉચ બાળકોને મળતા નથી અને કેન્દ્ર બંધ થતા જ થેલીઓમાં ઘર ભેગા થઈ જાય છે જેથી જાણકાર વાલીઓએ જિલ્લા કક્ષાએ જાણ કરેલ છે. યોગ્ય જગ્યાએ કેરેટ મૂકાય તેવી માંગણી છે.★

મોડાસામાં રાષ્ટ્રીયકૃત બેંકો ખાતુ ખોલવાનો ઈનકાર નહીં કરી શકે

(તસ્વીર :ઇકબાલ ચિસ્તી - મોડાસા)

મોડાસા,
છેલ્લા કેટલાય સમયથી મોડાસા રાષ્ટ્રીયકૃતનો ઈનકાર કરતી હતી. જે તે એરીયાના વોર્ડની બેંકમાં ખાતું ખોલી શકશે તેવા બહાના બતાવી મહીનાઓ સુધી ખાતુ ન ખોલવાના કારણે સરકારી લાભ મળતો ન હતો.
મોડાસાના એક અરજદારને ખાતુ ખોલવા બાબતે દેના બેંક મોડાસાએ ના પાડતા અરજદારે લોકપાલ કાર્યાલય અમદાવાદને જાણ કરતાં લોકપાય, અધિકારીએ ગાંધી નગર દેના બેંક અંચલ પ્રબંધકે મોડાસા દેના બેંકને અરજદારને જરૂરી રસ્તા દસ્તાવેજ લઈ ખાતુ ખોલી આપી બેંકીગ લોકપાલ કાર્યાલયને મેઈલથઈ જાણ કરવાનો આદેશ કર્યો છે. અત્રે નોંધનીય છે કે અન્ય નવા ખાતા ખોલાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.★

ડીંડોલીમાં સગીર વયની છોકરી પર વૉચમેન દ્વારા વારંવાર બળાત્કાર

સુરત,
સગીર વયની કિશોરીને ડરાવી ધમકાવી લઈ જઈ પડોશીએ વારંવાર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ ડીંડોલી પોલીસ મથકે નોંધાઈ હતી.
ડીંડોલી પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ડીંડોલી માન સરોવર સોસાયટીની બાજુમાં સંતોક રેસીડેન્સીમાં રહેતો વોચમેન વિકાસકુમાર શ્રીવાસ્તવે સગીર વયની કિશોરીને ડરાવી ધમકાવી એપાર્ટમેન્ટની પાછળ ખાલી રો હાઉસમાં લઈ જઈ જબરદસ્તીથી બળાત્કાર ગુજાર્યો હતો અને વીડિયો ઉતારી લીધો હતો. આ બાબતે કોઈને કહીશ તો મારીશ તેવી ધમકી આપી બીજી વખત પ્રથમ બળાત્કારનો વીડિયો બતાવી અપલોડ કરવાની ધમકી આપી પાંડેસરાના કારખાનામાં અને ફ્લેટમાં લઈ જઈ વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. ડીંડોલી પોલીસે પીડિતાની ફરિયાદ નોંધી આરોપી વિકાસકુમાર શ્રીવાસ્તવ વિરૂદ્ધ પોક્સો એક્ટ અન્વયે ગુનો નોંધી પો.ઈ. વી.એમ. મકવાણાએ તપાસ હાથ ધરી છે.

સારોલીમાં પેટ્રોલ પંપના ઈલેક્ટ્રીક રૂમમાં છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

સુરત,
પુણા-કુંભારીયા રોડ સારોલી પેટ્રોલ પંપના પાર્કિંગ અને ઈલેક્ટ્રીક રૂમમાંથી પરપ્રાંતીય દારૂનો જથ્થો પીસીબી પોલીસે જપ્ત કર્યો હતો. પીસીબી પોલીસે દારૂનો જથ્થો, કાર અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂા.૨.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એક હોમગાર્ડ સહિત છ જણાંની ધરપકડ કરી હતી. પીસીબી પોલીસે મળેલ બાતમીના આધારે પુણા કુંભારીયા રોડ, સારોલી એપી પેટ્રોલ પંપના પાર્કિંગ અને ઈલેક્ટ્રીક રૂમમાં દરોડા પાડી રૂા.૩૪૯૦૦ની કિંમતની દારૂની બોટલો કબજે કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ આરોપી હોમગાર્ડઝ મોહન પ્રકાશ દલાલ, રાજેશકુમાર શિતલા પ્રસાદ પ્રજાપતિએ ખેપિયા મુકેશ રામસિંગ ખાંગાર, ચંદન સિંગ શ્રીપાલસિંગ ઠાકુર, અરવિંદ રામનરેશ, યોગેશ રામમનોહર મારફતે દમણથી દારૂનો જથ્થો મંગાવ્યો હતો અને ઈલેક્ટ્રીક રૂમમાં સંગ્રહ કર્યો હતો. તેમજ આ દારૂનો જથ્થો કાર નં.જીજે-૫-જેડી-૪૧૫૧માં હેરાફેરી કરવા જતા છ જણાં પકડાઈ ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે દમણથી દારૂ મંગાવી સુરતમાં વેચવાના ગેરકાયદે કારોબારમાં પેટ્રોલ પંપનો ઉપયોગ કરવા ઉપરાંત આ દારૂના કેસમાં એક હોમગાર્ડની પણ સંડોવણી ખુલ્લી પડતા પોલીસ બેડામાં ભારે ચર્ચા જાગી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

ગોડાદરાના ભક્તિનગરમાં ક્રિકેટ મેચ પર જુગાર પકડાયો

સુરત,
સુરત શહેર ડીસીબી પોલીસે ગોડાદરામાં ક્રિકેટ મેચ ઉપર ચાલતા જુગાર પર દરોડા પાડી રૂા.૬૬૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.
ડીસીબી પોલીસે મળેલ બાતમીના આધારે ગોડાદરા ભક્તિનગર સુશીલ મારવાડીના મકાનમાં દરોડા પાડી ક્રિકેટ મેચ ઉપર જુગાર રમાડતાં રમેશ રામગોપાલ રાઠીની ધરપકડ કરી જ્યારે સંજુ માલાણીને વોન્ટેડ જાહેર કર્યો હતો. ડીસીબી પોલીસે ટી.વી., સેટઅપ બોક્સ, લેપટોપ, પાંચ મોબાઈલ ફોન મળી કુલ રા.૬૬૫૦૦ની મતા કબજે કરી હતી. તમામ વિરૂદ્ધ ડીસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.
ક્રાઈમ બ્રાન્ચ પોલીસે બાતમીના આધારે ભક્તિનગરના મકાનમાં દરોડા પાડી ક્રિકેટ પર ખેલાતો જુગાર ઝડપી પાડતા સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા ઉઠવા પામી હોવાનું પણ જાણવા મળે છે.

ચાંદલોડિયા સ્ટેશન પર લુપ લાઈનના નિર્માણ કાર્ય ચાલુ હોવાથી અમુક ટ્રેનો ૨૧ થી ૨૩ જુલાઈ સુધી બંધ રહેશે

અમદાવાદ ડિવિજનના ચાંદલોડિયા સ્ટેશન પર ૧૫ કોચની વધારાની લુપ લાઈનના નિર્માણ કાર્યના કારણે તા. ૨૧, ૨૨ અને ૨૩ જુલાઈ સુધી નીચે મુજબની ટ્રેનો પ્રભાવિત રહેશે. ૧- ૨૨ જુલાઈ ની ટ્રેન નં. ૬૯૧૩૧/ ૬૯૧૩૨ અમદાવાદ-ગાંધીનગર મેમૂ પેસેન્જર બંધ રહેશે. ૨- ૨૧ અને ૨૨ જુલાઈ ની ટ્રેન નં. ૬૯૧૯૧ આણંદ-ગાંધીનગર મેમૂ બંધ રહેશે. ૩- ૨૨ અને ૨૩ જુલાઈ ની ટ્રેન નં. ૬૯૧૯૨ ગાંધીનગર-આણંદ મેમૂ પેસેન્જર બંધ રહેશે. ૪- ૨૧ જુલાઈ એ ઈંદોર થી ઉપડનાર ટ્રેન નં. ૧૯૩૧૦ ઈંદોર-ગાંધીનગર (શાંતિ એક્સપ્રેસ વાયા સાબરમતી (સેન્ટ્રલ જેલ)-ચાંદલોડિયાની જગ્યાએ સાબરમતી (ધર્મનગર) ખોડિયારના રસ્તે ચલાવવામાં આવશે.

અમદાવાદ સ્કૂલ ઓફ ડિજિટલ માર્કેટીંગ દ્વારા બે દિવસીય એડવાન્સ ડિજિટલ માર્કેટીંગ વર્કશોપનું આયોજન

અમદાવાદ,
અમદાવાદ સ્કૂલ ઓફ ડિજિટલ માર્કેટીંગ દ્વારા ૨૧ અને ૨૨ જુલાઈ, ૨૦૧૮ના રોજ હોટેલ સમિટ ખાતે બે દિવસીય એડવાન્સ ડિજિટલ માર્કેટીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં મુખ્ય હેતુ કઈ રીતે ડિજિટલ માર્કેટીંગ અગ્રેસર રહેવા માટે ઉપયોગમાં લઈ શકાય તેમ છે. એએસડીએમ દ્વારા આવા વર્કશોપનું આયોજન દર પંદર દિવસે થાય છે. આ વર્કશોપ માટેના લક્ષિત ગ્રૂપ્સ કોર્પોરેટસ, ઉદ્યોગસાહસિકો, વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટ અપ્સ હોય છે. એએસડીએમ તેની હેડ ઓફિસ અમદાવાદ ખાતે ધરાવે છે અને તેણે વડોદરામાં પણ અન્ય શાખા શરૂ કરી છે. કોર્પોરેટ વર્લ્ડમાં આવશ્યક સ્કીલ્સને વિકસાવવાના હેતુથી એએસડીએમ દ્વારા કલાસરૂમ લાઈવ ટ્રેનીંગ આપવામાં આવે છે જેમાં ઓથેન્ટિકેટેડ સર્ટિફિકેશન્સ સાથે ૧૦૦ ટકા જોબ પ્લેસમેન્ટ આસિસ્ટન્ આપવામાં આવે છે. આ ઉપરાંત બે મહિનાનો એક્સ્લુઝિવ ટ્રેનીંગ પ્રોગ્રામ પણ આપવામાં આવે છે કે જેના દ્વારા ઓનલાઈન માર્કેટીંગ અને ડિજિટલ બ્રાન્ડિંગમાં વ્યક્તિને મદદ મળે છે.
અમદાવાદ સ્કૂલ ઓફ ડિજિટલ માર્કેટીંગના સ્થાપક અને ડિરેક્ટર લવ ત્યાગીએ પત્રકારોને જણાવ્યું હતું, 'મેં આ કંપની શરૂ કરી છે અને તે વિદ્યાર્થીઓ, વર્કિંગ પ્રોફેશનલ્સ, સીઈઓ, ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટ અપ્સને કન્સલ્ટન્સી આપે છે.'
એએસડીએમના માર્કેટિંગના ડિરેક્ટર શરદ એ વોરાએ પત્રકારોને જણાવ્યું હતું, 'અમે અમારા ડિજિટલ માર્કેટિંગ કોર્સને ત્રણ ભાગમાં વહેંચ્યો છે કે જે વિદ્યાર્થીઓ, વર્કિંગ પ્રોફેશનલ્સ, સીઈઓ અને ઉદ્યોગસાહસિકો માટે છે. દરેક સેગમેન્ટ તેઓને આ વર્કશોપ - વિસ્તૃત પ્રોગ્રામ પછી મળનારા લાભો માટે ઉપયોગી છે.

જિલ્લામાં જિલ્લા કક્ષાની શાળાકીય સ્પર્ધાઓનું આયોજન

આણંદ,
રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરના ઉપક્રમે ચાલુ વર્ષે જિલ્લામાં જિલ્લા કક્ષાની શાળકીય સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.
આ અંગેની વિગતો આપતાં જિલ્લા રમતગમત અધિકારી શ્રી એસ.આર.રાઠોડે જણાવ્યું કે, સૌ પ્રથમ જિલ્લા કક્ષાની રમતો તા.૧૭/૭/૧૮ થી તા. ૨૬/૭/૧૮ દરમિયાન યોજવામાં આવશે. જયારે તાલુકા કક્ષાની સ્પર્ધાઓ તાલુકા કન્વીનરશ્રીઓ દ્વારા હાથ ધરવામાં આવશે. તેમજ તાલુકા કક્ષાએ વિજેતા થયેલ ખેલાડીઓ જિલ્લા કક્ષાએ ભાગ લેવા આવશે.
વર્ષ ૨૦૧૮-૧૮ના વર્ષના વાર્ષિક કાર્યક્રમ અનુસાર આ સ્પર્ધાઓ નિયત કરવામાં આવેલ તારીખ, સ્થળ અને સમયે યોજવામાં આવશે . જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ તા. ૪/૮/૧૮થી શરૂ કરવાનું આયોજન કરવામાં આવશે. જેથી સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ખેલાડી ભાઈ-બહેનોને સમયસર જે તે તારીખે, સ્થળે અને સમયસર સ્પર્ધામાં ભાગ લેવા પહોંચી જવાનું રહેશે તેમ આણંદના જિલ્લા રમતગમત અધિકારીએ વધુમાં જણાવ્યું છે.

એલફિન્સ્ટન રોડ સ્ટેશનનું નામ હવે પ્રભાદેવી થશે

પશ્ચિમ રેલવેના મુંબઈ ઉપનગરીય વિભાગ પર એલફિન્સ્ટન રોડ સ્ટેશનનું નામ હવે પ્રભાદેવી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સ્ટેશનના નામમાં આ સુધારો ૧૮ જુલાઈ, ૨૦૧૮ની મધ્યરાત્રી એટલે કે ૨૪.૦૦ કલાકે એટલે ૧૯ જુલાઈ, ૨૦૧૮ થી થશે. યાત્રિઓની સુવિધા માટે સ્ટેશન બોર્ડ, ઈન્ડિકેટર્સ, જાહેરાત પદ્ધતિ વગેરેમાં જરૂરી સુધારા કરી દેવામાં આવ્યા છે. પ્રભાદેવી સ્ટેશનનો કોડ "ૐૐઠ્ઠ થશે. યાત્રિઓને વિનંતી છે કે કૃપાકરી સ્ટેશનના નામ માં આ સુધારો ધ્યાનમાં રાખે.

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

નામ બદલેલ છે
મેં મારૂ નામ પુજાબેન મુકેશભાઈ નાથાણી હતું તે બદલીને સુમન રાજેશ ગુરનાણી રાખેલ છે.
સરનામું : ૭, મીનાક્ષી બંગ્લોઝ, કુબેરનગર, અમદાવાદ
1250

VINYOFLEX LIMITED
Regd. Off : 307, Silver Chamber, Tagore Road, Rajkot - 360 002.
CIN : L25200GJ1993PLC019830
Ph. : 0281-2468345, 2468776
Fax : 0281-2468839
Web site : www.vinyoflex.com
E mail : info@vinyoflex.com

NOTICE
Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirement) Regulations 2015 that the meeting of the Board of Directors of the Company is scheduled to be held on 26th July 2018,Thursday at 04.00 P.M. at the registered Office of the Company for taking on record of the unaudited Financial Results for the quarter ended on 30th June 2018
This information is also available on the company`s
Website at : www.vinyoflex.com
and on website of the
Stock Exchange i.e. BSE
Website at : www.bseindia.com

Place : RAJKOT
Date : 19-07-2018
by Order & behalf of the Board of Directors for Vinyoflex Ltd.
CS. Hetal Lodhiya
Company Secretary & Compliance Officer

GEETANJALI CREDIT AND CAPITAL LIMITED
(CIN- L21012CH1990PLC010869)
Off.: 3rd Floor-424, Ganj Bazaar,Opp. Madhupura Temple, Madhupura, Shahibaug, Ahmedabad – 380004. Phone: +91 6351988376
Reg. Off.: SCO 23-24-25, IInd Floor Sector 34-A, Chandigarh-160022 Phone: +91 6351988376

જાહેર નોટીસ
અમો જણાવીએ છીએ કે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા અમારી નોન બેંકિંગ ફાઈનાન્શ્યલ કંપની નું જે સર્ટિફિકેટ નં. B-06.00055 અમો ને ઈશ્યૂ થયેલ તે ખોવાઈ ગયેલ છે. અમો એ તેનું ડુપ્લીકેટ સર્ટિફિકેટ મેળવવા માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા ચંદીગઢ ને અરજી કરેલ છે. આ બાબતે કોઈ ને પણ વાંધો હોય તો ૧૫ દિવસ માં ઉપરોક્ત સરનામે જાણ કરવી. For, Geetanjali Credit And Capital Limited
Sd/-
Paresh Patel
Managing Director
Place: Ahmedabad
Date: 18.07.2018